॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# લોકશાહી : બંધારણ, સરકારી તંત્ર વ્યવસ્થા અને નાગરિક

**Dr.Diptiba K. Gohil**
**Assistant Professor, Political Science,**
**Dr.Babasaheb Ambedkar Open University,**
**Ahmedabad.**

## પૂર્વભૂમિકા

રાજ્ય એ અમૂર્ત ખ્યાલ છે. જયારે સરકાર એ મૂર્ત ખ્યાલ છે. રાજ્યના મૂળભૂત સિદ્ધાંતો અને સ્વરૂપને સમજવા બંધારણ સમજવું આવશ્યક છે. બંધારણ એટલે નિયમો, કાયદાઓ કે જોગવાઈઓનો સમૂહ. દરેક લોકશાહી દેશમાં સરકારી તંત્ર વ્યવસ્થાને સુયોગ્ય અને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે કાયદા અને નિયમોની જરૂર પડે છે. જે બંધારણમાં દર્શાવવામાં આવે છે. કોઈપણ દેશના બંધારણને આધારે સરકારની ત્રણ શાખાઓ અનુક્રમે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની રચના, સત્તા અને કામગીરી અને તેમની વચ્ચેના આંતરસંબંધો વિષે જાણકારી મેળવી શકાય છે. એક રીતે બંધારણ કોઇ પણ દેશના રાજકારણ અને સરકારી તંત્રવ્યવસ્થા તથા ત્યાના લોકોને સમજવાની ગુરુચાવી છે. બંધારણમાં રહેલા આદર્શો અને જોગવાઈઓને અમલમાં મુકાવવાનું કાર્ય સરકારીતંત્ર વ્યવસ્થા કરે છે. જયારે નાગરિકો બંધારણને ટકાવવાનું અને લોકશાહીને મજબુત કરવાનું તથા વાસ્તવમાં બંધારણના આદર્શોને ચરિતાર્થ કરવાની જવાબદારી તેમના શિરે છે. જે નાગરિક સમાજના નિર્માણ થકી શક્ય બને છે. લોકશાહીને ટકાવી રાખવા અને મજબુત કરવા માટે નાગરિક સમાજનું નિર્માણ કરવું રહ્યું. જેમાં શિક્ષણ, હકારાત્મક અને વૈજ્ઞાનિક અભિગમની સાથે નાગરિકોની પોતાની સ્વયંભૂ જાગૃતિ આવશ્યક છે.

## ચાવીરૂપ શબ્દો


આમુખ, મૂળભૂત અધિકારો, ધર્મનિરપેક્ષ રાજ્ય, સમવાયતંત્ર, ધારાસભા, કારોબારી, ન્યાયતંત્ર, મતાધિકાર, ચૂંટણી, નાગરિકો, નાગરિક સમાજ, સાધન અને સાધ્ય, લોકશાહી જીવનરીતિ

## અભ્યાસના ઉદ્દેશ્યો

લોકશાહીમાં બંધારણ, સરકારીતંત્ર વ્યવસ્થા અને નાગરિકોની ભૂમિકા વિષે જાણવું.
બંધારણની વિભાવના સમજવી.
આદર્શ બંધારણની લાક્ષણિકતા જાણવી.
સરકારી તંત્ર વ્યવસ્થા વિશે જાણવું.
લોકશાહીમાં સત્તા, સાધન અને સાધ્ય તથા લોકોની ભૂમિકા વિશે જાણવું.
નાગરિક સમાજ વિષે જાણવું.

## બંધારણ

લોકશાહી વ્યવસ્થાને પિરામિડ આકારની વ્યવસ્થા અનુસાર જોઈએ.




લોકશાહીમાં બંધારણ સર્વોપરી ટોચના સ્થાને છે. પ્રથમ કેન્દ્રબિંદુ તરીકે બંધારણ ઘણું મહત્વ ધરાવે છે. બંધારણનું ઘડતર કે રચના અલગ-અલગ દેશમાં અલગ-અલગ રીતે થયેલી જોવા મળે છે. જેમ કે ભારતનું બંધારણ ભારતના લોકો દ્વારા અલગ-અલગ દેશના બંધારણમાંથી પ્રેરણા લઈને તૈયાર કરવામાં આવ્યું છે. બંધારણ એટલે શું ? ગીલક્રીસ્ટ જણાવે છે તેમ " જે નિયમોનો સમૂહ સરકારના વ્યવસ્થા તંત્ર અને તેની શાખાઓ વચ્ચે સત્તાની વહેંચણી તથા તેના અમલ માટેના સામાન્ય સિદ્ધાંતો દર્શાવે છે તેને બંધારણ કહે છે. " બંધારણ એક એવો મૂળભૂત કાયદો છે જે રાજ્યનું સંચાલન કરે છે. આદર્શ બંધારણ કેટલીક લાક્ષણિકતાઓ ધરાવે છે જેમ કે_

- બંધારણ લિખિત, સંક્ષિપ્ત છતાં સ્પષ્ટતા ધરાવતું હોવું જોઈએ.
- બંધારણમાં મૂળભૂત હકો અને તેના રક્ષણની જોગવાઈને સ્થાન હોવું જોઈએ.
- બંધારણમાં અંતિમ અર્થઘટનની સ્પષ્ટતા હોવી જોઈએ.
- બંધારણ સમયને અનુરૂપ પરિવર્તનને અપનાવી શકે તેવી સંભાવનાવાળું હોવું જોઈએ.
- લોકોની આકાંક્ષા અને ઈચ્છાઓનો પડઘો પડે તેવા પ્રકારનું બંધારણ આદર્શ ગણાય.

## સરકારી તંત્ર વ્યવસ્થા

લોકશાહીમાં સરકાર એ મૂર્ત ખ્યાલ છે. જ્યારે રાજ્યએ અમૂર્ત ખ્યાલ છે. રાજ્યનું સંચાલન સરકાર દ્વારા એટલે કે સરકારની ત્રણ શાખાઓ અનુક્રમે ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર દ્વારા થાય છે. જે પૈકી સૌ પ્રથમ છે ધારાસભા.

## ધારાસભા

ધારાસભાનું મુખ્ય કામ કાયદાનું ઘડતર કરવાનું છે. ધારાસભા એટલે ચર્ચા માટેની સભા તેવું પણ એક અર્થઘટન છે. ધારાસભાનો વિકાસ કાળક્રમે અને સમયની જરૂરિયાતને અનુરૂપ થયો છે. આધુનિક વર્તમાન સમયમાં ધારાસભાની રચના કઈ રીતે થાય છે ? તેના સંદર્ભે અભ્યાસ કરતા જણાય છે કે ધારાસભાના પ્રથમ ગૃહની રચના લોકો દ્વારા થાય છે અને પુખ્તવય મતાધિકાર દ્વારા લોકો પોતાના પ્રતિનિધિને ચૂંટીને મોકલે છે. ભૂતકાળમાં મતાધિકાર માટે મિલકત, ધર્મ, શિક્ષણ, લિંગ, જાતિ વગેરે માપદંડોને ધ્યાને લેવામાં આવતા હતા. આધુનિક સમયમાં પુખ્તવય મતાધિકાર અંતર્ગત જે-તે રાજ્યએ નક્કી કરેલ વય ધરાવતો નાગરિક પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા પોતાના પ્રતિનિધિને ચૂંટીને પ્રથમ ગૃહની રચના કરે છે. પ્રથમ ગૃહ અલગ-અલગ દેશમાં અલગ-અલગ નામે ઓળખાય છે. જેમ કે ભારતમાં તે લોકસભાના નામે ઓળખવામાં આવે છે. ધારાસભાના બીજા ગૃહની રચના માટે જુદા-જુદા દેશમાં જુદી-જુદી પદ્ધતિ અમલમાં છે. ખાસ કરીને_

1. **વારસાગત પદ્ધતિ**
2. **નિમણૂક પદ્ધતિ**
3. **ચુંટણી પદ્ધતિ**

ચૂંટણી પદ્ધતિ અંતર્ગત પ્રત્યક્ષ ચૂંટણી અને પરોક્ષ ચૂંટણી પદ્ધતિનો સમાવેશ થાય છે. ભારતના સંદર્ભમાં જોઈએ તો સંસદના બીજા ગૃહ તરીકે રાજ્યસભાના કુલ સભ્યો પૈકી 238 સભ્યો પરોક્ષ ચૂંટણી પદ્ધતિ દ્વારા ચૂંટાય છે. આમ ધારાસભાના મુખ્યત્વે બે પ્રકારો છે. એકગૃહી ધારાસભા અને દ્વિગૃહી ધારાસભા. ભૂતકાળમાં ઘણા રાજ્યોમાં ધારાસભા ત્રિગૃહી કે ચર્તુગૃહી હોવાના દાખલા પણ બન્યા છે. ઉદાહરણ તરીકે 1886 સુધી સ્વીડનની રાષ્ટ્રીય ધારાસભાને ચાર ગૃહ હતા. 1963 માં યુગોસ્લાવિયામાં નવા બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો તેમાં દ્વિગૃહીને બદલે પાંચ ગૃહવાળી ધારાસભાની રચના કરવામાં આવી હતી. દરેક ધારાસભાના પ્રકારના પોતાના કેટલાક ફાયદા તો સાથે કેટલાક ગેરફાયદાઓ પણ છે. ભારતે કેન્દ્રમાં દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર કર્યો છે.

## કારોબારી


સરકારનું બીજું અગત્યનું અંગ કે શાખા કારોબારી છે. રાજ્યના કારોબાર સાથે જે વ્યક્તિઓ સંકળાયેલી છે તે રાજ્યના કાયદાઓનો અમલ કરાવે છે અને તે કારોબારી તરીકે ઓળખાય છે. વિશાળ અર્થમાં કારોબારીમાં સનદી અમલદારોથી લઈને તમામ પ્રધાનો તથા સરકારના અને રાજ્યના વડાનો સમાવેશ થાય છે. કારોબારી મુખ્યત્વે ધારાકીય કાર્યો કરે છે. ઉપરાંત તે નાણાકીય, ન્યાય વિષયક, વિદેશનીતિ સંબંધિત, સંરક્ષણ સંબંધિત કાર્યો પણ કરે છે. કારોબારીના વિવિધ પ્રકારો છે. જેમ કે_ એકજન કારોબારી અને બહુજન કારોબારી, નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી, રાજકીય કારોબારી અને વહીવટી કારોબારી, સંસદીય કારોબારી અને પ્રમુખીય કારોબારી.

## ન્યાયતંત્ર

સરકારની ત્રીજી અગત્યની શાખા એટલે ન્યાયતંત્ર. જે મુખ્યત્વે ધારાસભાએ ઘડેલા કાયદાનું અર્થઘટન કરીને ન્યાય આપવાનું કાર્ય કરે છે. વળી તે આવશ્યકતા અનુસાર અસ્તિત્વમાં ન હોય તેવા નવા કાયદાનું ઘડતર પણ કરે છે. નાગરિકોના અધિકારોનું રક્ષણ અને બંધારણના મૂળભૂત માળખાનું રક્ષણ પણ કરે છે. બંધારણનું છેવટનું અર્થઘટન ન્યાયતંત્ર દ્વારા થાય છે. અદાલતી સમીક્ષા અને ન્યાયિક સક્રિયતા તેની હાર્દરૂપ બાબત છે.

## સાધન-શુદ્ધિ

લોકશાહીમાં લોકો કેન્દ્ર બિંદુમાં છે. લોકશાહીમાં સાધન શુદ્ધિનો આગ્રહ રાખવામાં આવે છે. સાધન શુદ્ધિનો ખ્યાલ આ ચિત્રના માધ્યમથી સમજીએ.



## સત્તાનું વિકેન્દ્રીકરણ

લોકશાહીમાં બંધારણ અનુસાર સમગ્ર તંત્ર વ્યવસ્થા ચાલે તે જરૂરી છે. સમગ્ર માળખું જેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સ્થાનિક સરકાર કે જેમાં શહેરી સ્થાનિક સરકાર અને ગ્રામીણ સ્થાનિક સરકારનો સમાવેશ થાય છે. શહેરી સ્થાનિક સરકાર અંતર્ગત નગરપાલિકા તથા મહાનગરપાલિકા અને ગ્રામીણ સ્થાનિક સરકાર અંતર્ગત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત આવરી લેવામાં આવે છે. સમગ્ર વ્યવસ્થામાં સત્તાનું વિકેન્દ્રીકરણ છે. જે વાસ્તવમાં પણ ચરિતાર્થ થાય તે આવશ્યક છે.

## નાગરિક સમાજ

બંધારણનું રક્ષણ કરવાની જવાબદારી માત્ર સરકારની જ નહીં પરંતુ નાગરિકોની પણ છે. લોકોએ એ માનસિકતામાંથી બહાર આવવાની જરૂર છે કે સરકાર જ અમારી માટે બધું કરે નાગરિકોએ પોતે લોકોમાંથી નાગરિક બનવું પડશે અને તે માટે નાગરિકત્વ અથવા તો નાગરિક સમાજનું નિર્માણ કરવું પડશે. નાગરિક સમાજનું નિર્માણ કઈ રીતે શક્ય બનશે ? તેનો જવાબ વિચારતા જણાય છે કે લોકશાહીને ખરા અર્થમાં જીવનરીતિ તરીકે અમલમાં મુકીએ તો જ તે શક્ય બનશે. સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને બંધુત્વ વગેરેના ખ્યાલ આપણે વાસ્તવમાં ચરિતાર્થ કરીએ તો જ નાગરિક સમાજનું ઘડતર શક્ય બનશે. વળી, આ કોઈ એક વ્યક્તિગત જવાબદારી ન રહેતા સામુહિક જવાબદારી બની રહેશે. આ માટે નાગરિકોની પોતાની સ્વયંભુ જાગૃતિ આવશ્યક છે. શિક્ષણની સાથે સાથે હકારાત્મક અને વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને તે શક્ય બનશે. આ ઉપરાંત જ્ઞાતિ, જાતિ, ભાષા, ધર્મ, પ્રદેશ જેવા સંકુચિત સીમાડાઓમાંથી બહાર આવીને સાથે મળીને આ ભગીરથ કાર્ય કરવા સતત જજુમવું પડશે. સહિયારા પ્રયત્નોથી જ આ શક્ય બનશે. દેશમાં કોઈ કરોડપતિ હોય કે ભિખારી હોય પરંતુ તે ખરા અર્થમાં નાગરિક બનીને પોતાનું અમૂલ્ય ફાળો નાગરિક સમાજના નિર્માણમાં આપી શકશે. તે વર્તમાન સમયની તાતી જરૂરિયાત અને માંગ છે.

## સંદર્ભ સૂચી


1. પંડ્યા હસમુખ : 'રાજ્યશાસ્ત્રનો પરિચય' ભાગ-02, અનડા બુક ડેપો, અમદાવાદ, 1993.
2. પંડ્યા હસમુખ : 'સરકારી તંત્રનો પરિચય 01' , અનડા પ્રકાશન, અમદાવાદ, 2011.
3. બ્રહ્મભટ્ટ આર.ડી. : 'રાજ્યતંત્ર' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, 1973.
4. શુક્લ ગજેન્દ્ર બી. : 'રાજ્યશાસ્ત્ર' અતુલ પ્રકાશન, અમદાવાદ, 2007-08.